# રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા

RBI/2013-14/308
UBD/CO.LS/(CPD)Cir NO.24/07-01-000/2013-14. OCTMBER-1,2013
ધી ચીફ એકઝીકયુટીવ ઓફિસર્સ
નાગરિક સહકારી બેન્ક (તમામ)

**નાણાંકીય સધ્ધર અને સુદૃઢ વહીવટ (FSWM)( Finacially Sound and Well Managad ) ધરાવતી નાગરીક સહકારી બેન્કોના વર્ગીકરણ અંગેના ધોરણોની સમીક્ષા**

નાગરીક સહકારી બેન્કોના FSWM સબંધીત (નાણાંકીય સધ્ધરતા અને સુદૃઢ વહીવટ) ધોરણો અંગે સરકયુલર રેફરન્સ UBD/CO.LS/Cir NO.25/07-01-000/2010-11 Dated November 16-2011 રીફર કરવા વિનંતી

૨. FSWM ના પ્રવર્તમાન ધોરણોની સમીક્ષા કરવામાં આવેલ અને હવે પછીથી નકકી થયા મુજબ નીચેના ધોરણોની પુર્તતા કરતી નાગરીક સહકારી બેન્કોને FSWM તરીકે ગણવામાં આવશે.

(એ) સતત ધોરણે મીનીમમ CRAR ૧૦ % જળવાયેલ હોવો જોઈએ(મુડી પર્યાપ્તતાના ધોરણો)

(બી) ગ્રોસ એન.પી.એ. ૭ % થી ઓછુ અને નેટ એન.પી.એ. ૩% થી વધુ હોવુ જોઈએ નહી

(સી) અગાઉના પુર્ણ થયેલ નાણાંકીય વર્ષ દરમ્યાન CRR (Cash Reserve Ratio) / SLR (Statutory Liquidity Ratio) ડીફોલ્ટ થયેલ ન હોવો જોઈએ

(ડી) છેલ્લા ત્રણ વર્ષથી બેન્કનો નેટ પ્રોફીટ (ચોખ્ખો નફો) હોવો જોઈએ.

(ઈ) બેન્કના બોર્ડ ઉપર નિયુકત થયેલ ઓછામાં ઓછા બે પ્રોફેશનલ ડાયરેકટર્સ ધ્વારા મજબુત આંતરીક અંકુશ હોવો જોઈએ.

(એફ) બેન્કીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯,આર.બી.આઈ. એકટ ૧૯૩૪ અને આર.બી.આઈ. ધ્વારા વખતો વખત અપાયેલ સુચનાઓ / નિર્દેશો અન્વયે રેકોર્ડની પુર્તતા અને નિયમિત કાયદાકીય નિયંત્રણો જળવાતા હોવા જોઈએ.

નાગરીક સહકારી બેન્કો તરફથી મળતી અરજીઓ બ્રાન્ચ ઓથોરાઈઝેશન , ઓન સાઈટ અને ઓફ સાઈટ એટીએમ ખોલવા, કાર્યક્ષેત્રમાં વધારો કરવા, બેન્કના હાલના પ્રીમાઈસીસની બદલી  કે અન્ય પ્રકારની રીઝર્વ બેન્ક પાસેથી મેળવવાની થતી મંજુરીઓ માટે હવે પછી ઉપર મુજબના નવા ધોરણો અમલી બનશે.

આપનો વિશ્વાસુ

(એ.કે.બેરા)

પ્રીન્સીપલ ચીફ જનરલ મેનેજર